ગાંધીનગર સમાચાર

બી.કોમ. સેમેસ્ટર-૧ની પરીક્ષાના ફોર્મ ભરાશે

# સિવિલ હોસ્પિટલમાં શોર્ટ સર્કિટથી આગ

## નવી બનેલ ૬૦૦ પથારીની આઠમાળની બિલ્ડીંગના ભોંયતળીયે સ્પિરિટ સ્ટોરેઝ રૂમમાં શોર્ટસર્કિટથી ધુમાડાના ગોટે ગોટા છવાયા : આગ નાની હોવાથી કોઈ નુકશાન નહીં : નવી બિલ્ડીંગમાં ફાયર સેફટી બાબતે પ્રશ્નાર્થ...!!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સાંજના પાંચેક વાગ્યાના સુમારે અચાનક ધુમાડાના ગોટે ગોટા છવાઈ જતા ચોતરફ આગનો ભય ફેલાયો હતો. સિવિલ હોસ્પિટલમાં નવા બનેલા ૬૦૦ બેડના બિલ્ડીંગના ભોંયતળીયે ધુમાડાના ગોટા છવાઈ જતા ઉત્તેજના વ્યાપી જવા પામી હતી અને તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેના પગલે ફાયર ફાઈટર સાથે ટીમ ધસી આવી હતી. જો કે થોડી વારમાં ધુમાડાના ગોટા દૂર થઈ જતા રાહત વ્યાપી હતી અને શોર્ટ સર્કિટના કારણે ધુમાડા ફેલાયા હતા જેને તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમે કાબુમાં લઈ ફાયરબ્રિગેડ પરત જવા રવાના થઈ હતી. તપાસના અંતે આ આગ સ્પિરિટ સ્ટોરેઝ રૂમમાં શોર્ટસર્કિટના કારણે લાગી હોવાનું જાણવા મળ્યું હતું.

સૌપ્રથમ સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગના ત્રીજા માળે ધુમાડા નીકળતા જણાયા હતા અને ત્યારબાદ ગ્રાઉન્ડ ફલોર પર જયાં સ્પિરિટનું સ્ટોરેજ કરાય છે તે ભાગમાં પણ ધુમાડાના ગોટે ગોટા વ્યાપી જતા આગ લાગી હોવાની શકયતાએ જોર પકડયું હતું. થોડીવારમાં આ ધુમાડો ઓસરી જતા કોઈ કેમિકલ લિકેજ કે ગટરમાં ગેસ થવાના કારણે ધુમાડો ફેલાયો હોવાની વાતો પણ વહેતી થઈ હતી. પરંતુ તપાસના અંતે સ્પિરિટ સ્ટોરેજ કરાય છે તે રૂમમાં શોર્ટ સર્કિટ થયું હોવાથી નાની આગ લાગી હતી જે તુરંત જ ફાયરબ્રિગેડની ટીમ દ્વારા કાબુમાં લેવામાં આવી હતી જેના કારણે કોઈ મોટી ઘટના કે હાનિ બનવા પામી નહોતી. જો કે સિવિલના નવા આઠ માળના બિલ્ડીંગમાં કુલ ૬૦૦ પથારીની સગવડ હોવા છતાં હજુ પણ તેમાં ફાયર સેફટી અંગે પૂરતા સાધનો નથી તેમજ જે સાધનો છે તે કાર્યરત નહોતા તેવું સુત્રોએ જણાવ્યું હતું. આ કારણે આ બિલ્ડીંગમાં કાર્યરત સ્ટાફ તથા દર્દીઓની સલામતી અંગે પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે.




### નવી બિલ્ડીંગનો ફાયર સેફટીનું એનઓસી જ નથી!!

સિવિલ હોસ્પિટલમાં આઠ માળની નવી બિલ્ડીંગ બનાવાઈ છે જેમાં ૬૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ છે પરંતુ શોર્ટસર્કીટથી આગની નાની ઘટનાએ બિલ્ડીંગની ફાયર સેફટીની પોલ ઉઘાડી નાંખી છે. ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર મહેશ મોઢના જણાવ્યા મુજબ સિવિલ હોસ્પિટલના આ બિલ્ડીંગને હજુ ફાયર સેફટીનું એનઓસી મળ્યું નથી. એનઓસી માટે જયારે સિવિલ તંત્રએ અરજી કરી હતી ત્યારે તેમને કેટલીક બાબતોના ખુલાસા અને પૂર્તતા કરવા જણાવાયું હતું પરંતુ છ માસ ઉપરનો સમય વીતવા છતાં પણ તેનો કોઈ જવાબ અમને મળ્યો નથી. વળી, જે વિભાગમાં સ્પિરિટ રાખવામાં આવતું હોય ત્યાં વિશેષ તકેદારીની જરૂર પડે પરંતુ અહીં કોઈ જ પ્રકારની ફાયર સેફટીની સુવિધા જોવા મળેલ નથી કે તેના સાધનો અને ફાયર સ્ટાફની પણ સુવિધા નથી જે અત્યંત ગંભીર બાબત છે.



## @ગાંધીનગર

● ગુજરાત જલસેવા ટ્રેનિંગ ઈન્સ્ટિટયુટ દ્વારા 'સતર્કતા પાલન જાગૃતિ સપ્તાહ-૨૦૧૬' અંતર્ગત સે-૯માં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૧૦ કલાકે એક દિવસીય તાલીમ સેમિનાર યોજાશે.

### બાળકો માટે વિપશ્યના ધ્યાન સાધના શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર વિપશ્યન ગ્રુપ દ્વારા વિપશ્યના ધ્યાન સાધના શિબિર બાળકો માટે રવિવારે યોજાશે.

આ ધ્યાન સાધના શિબિરનું પ્રથમ ચરણ-આનાપાન ધ્યાનની બાળ શિબિર ધોરણ-૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાશે. આ ધ્યાન શિબિર બાળકો માટે ખૂબ લાભદાયી અને ફાયદાકારક છે. બાળકોની એકાગ્રતા વધે અને તેઓ મન પરોવીને પોતાના અભ્યાસમાં આગળ વધી શકે તેવા હેતુથી ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૬-૧૧-૨૦૧૬ રવિવારના રોજ સવારે ૯.૩૦થી ૧૧.૩૦ દરમિયાન શર્મા હાઉસ, પ્લોટ નં. ૧૭૨/૨, સેકટર-૭-સી, સુવિધા કેન્દ્રની બાજુમાં યોજાશે.

આ બિનસાંપ્રદાયિક સાધના શિબિર વિદ્યાર્થીઓને અનેક રીતે લાભદાયી નિવડી શકે છે અને તેથી વધારે અને વધારે વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લેવાનો આગ્રહ રાખવો જોઈએ. ઈચ્છીત દરેક વિદ્યાર્થી ભાઈ બહેનો આ શિબિરનો લાભ ઉઠાવી શકે છે.

## વાતવાતમાં

● સેકટર-૪-એમાં શુક્રવારે એક ગાયે ભારે તોફાન મચાવ્યું હતું. ગાયના તોફાન દરમિયાન એક બાળક તેની હડફેટે આવી જતા ઘાયલ થતા તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

● શહેરમાં વાતાવરણ ઠંડુગાર બની જતા શરદી, ખાંસી તથા તાવના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. રાત્રિના સમયે ઠંડીની અસર રહેતી હોવાના કારણે નૂતન વર્ષે શુભેચ્છા પાઠવવા એકબીજાના ઘરે રૂબરૂ જવાનું નગરજનો ટાળી રહ્યા છે.

● દિવાળીની રજાઓ પૂર્ણ થતા ઘર તરફ પરત ફરી રહેલા નગરજનોને હાઈવે પરના ટોલટેક્ષના નાકે લાંબી લચ્ચક લાઈનો નડી રહી છે. ખાસ કરીને હિંમતનગરથી ચિલોડા તરફના હાઈવે પર જે શામળાજી, અંબાજી, વિજયનગર પોળો, ઈડર ઉપરાંત રાજસ્થાનના તમામ પ્રવાસ સ્થળો તરફનો એક માત્ર માર્ગ હોવાથી આ માર્ગના ટોલટેક્ષ પર ભીડ વધી રહી છે જે શનિ રવિમાં ખૂબ જ વધારે રહેશે તેવી શકયતાઓ છે.




શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે આજરોજ અન્નકૂટના દર્શન તથા યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮શ્રી વ્રજરાજકુમારજીના વચનામૃતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લ્હાવો લેવા વૈષ્ણવો ખૂબ મોટી સંખ્યામાં હવેલી ખાતે ઉમટી પડયા હતા અને દર્શનનો લાભ લીધો હતો.

## બોદ્ધધર્મની કોન્ફરન્સ ઉપાસકો દ્વારા યોજાશે

ગાંધીનગર, તા.૪

ભગવાન બુદ્ધના દ્વિતીય શાસનનું ધમ્મચક્ર પ્રર્વતનને ૬૦ વર્ષ પૂર્ણ થયેલ છે. બૌદ્ધીસ્ટ કન્ટ્રીના પ્રિન્સ થાઈલેન્ડને શ્રદ્ધાંજલિ આપવા અંગે ઈન્ટરનેશનલ બોદ્ધ ધર્મની કોન્ફરન્સ ગાંધીનગર ખાતે યોજાશે. જેની તૈયારીના ભાગરૂપે બૌદ્ધ ધર્મના રસ ધરાવતા વ્યકિતઓ બોદ્ધીસ્ટોની મીટીંગ તા. ૫મી નવેમ્બરના રોજ સાંજે પાંચ વાગે ૨૨૫/એ-૩, ઈન્ફોસીટી એસ.બી.આઈ. ગાંધીનગરની પાસે મળશે તો દરેક ધર્મપ્રેમીજનોને આ મીટીંગમાં હાજર રહેવા આમંત્રણ છે.

## શેરથાના સિકયુરીટી ગાર્ડે ડયુટી પોઈન્ટ ઉપર જ ગળે ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર નજીક શેરથા ગામમાં રહેતા અને કરશનપુરા-ટીંટોડા ઓનએજીસીના કુવા ખાતે સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ૩૨ વર્ષીય યુવાને આજે બપોરના અરસામાં તેના ડયુટી પોઈન્ટ ઉપર જ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સિકયુરીટી ગાર્ડે કયા કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા શેરથા ગામમાં પરમાર વાસમાં રહેતા ૩૨ વર્ષીય યુવાન રાહુલ મહેન્દ્રભાઈ પરમાર ઓએનજીસીના કરશનપુરા-ટીંટોડા સ્થિત કુવા પર સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. આજે સવારે નોકરીએ ડયુટી પોઈન્ટ પર ગયા બાદ તેણે સવારે ૯ થી બપોરના ૨ વાગ્યાના અરસામાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ ગાર્ડ રાહુલે આપઘાત કરી લીધો હોવાની જાણ પેથાપુર પોલીસને રાહુલના કાકા રણછોડભાઈ મોહનભાઈ પરમારે કરતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા જમાદાર લક્ષ્મણભાઈએ તજવીજ હાથ ધરી છે.

## ફતેપુરામાં પરિણીતાનું મૃત્યુ

### પત્નિના મૃત્યુ બાદ સે-૧૫ ફતેપુરાથી મધ્યપ્રદેશ લઈ જઈ અંતિમ ક્રિયા કરાઈ : મૃતકના પિતાએ પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધાવી

શહેરના સેકટર-૧૫ આઈટીઆઈ પાછળ ફતેપુરા ખાતે રહેતી ૨૪ વર્ષીય પરિણીતાનું બે દિવસ પહેલા કોઈ કારણસર મૃત્યુ થઈ ગયું હતું. પાણીપુરીનો વ્યવસાય કરતા પતિએ મૃતદેહ તેમના વતન મધ્યપ્રદેશ લઈ જઈ અંતિમવિધી કરી હતી. મૃતકના પિતાએ તેમની દિકરીને ફાંસો આપીને કે દવા પીવડાવીને મારી નાંખવામાં આવી હોવાની શંકા દર્શાવી પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધાવી છે. મધ્યપ્રદેશની પોલીસે આઈપીસી ૩૦૬ હેઠળ ગુનો નોંધી સે-૭ પોલીસને ઝીરો નંબરથી ફરિયાદ ટ્રાન્સફર કરી છે. જેને આધારે પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના એક ગામના વતની રામકુમાર નન્નાઈ ગાંધીનગર સે-૧૫ ફતેપુરા ખાતે આઈટીઆઈની પાછળના વિસ્તારમાં રહી પાણીપુરીનો વ્યવસાય કરે છે તેની પત્નિ પુજાનું બે દિવસ પહેલા જ કોઈ કારણોસર બપોરના અરસામાં મૃત્યુ થઈ ગયું હતું. રામકુમારે પત્નિનો મૃતદેહ પોતાના વતન લઈ જઈ ત્યાંની સ્થાનિક પોલીસને ઘટના અંગે જાણ કરી પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ અંતિમવિધી કરી હતી. મૃતક પુજાના પિતા કાશીરામ હરજીદાસે તેમની દિકરીની હત્યા કરવામાં આવી હોવાની શંકા વ્યકત કરી ફરિયાદ નોંધાવી છે. કાશીરામે મધ્યપ્રદેશની પોલીસને ફરિયાદ આપતા પોલીસે આઈપીસી કલમ ૩૦૬ મુજબ ગુનો દાખલ કરી ગુનો ગાંધીનગર બન્યો હોવાથી ફરિયાદ સે-૭ પોલીસને ઝીરો નંબરથી ટ્રાન્સફર કરી આપી છે. પુજાને શારીરિક માનસિક ત્રાસ પતિ રામકુમાર નન્નાઈ અને સાસુ રાજકુમારી નન્નાઈ આપતા હતા અને હવે પુજાને ફાંસી કે ઝેરી દવા આપી હોવાની શંકાનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. સે-૭ પોલીસે ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



દિવાળી બાદ નૂતન વર્ષે એકબીજાને મળીને શુભેચ્છા પાઠવવાનો સિલસિલો હજુ જારી છે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ લઘુમતી મોરચાના મોહમંદ ઈસ્માઈલ પઠાણ સહિતના કારોબારી સભ્યોએ ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીને રાજભવન ખાતે રૂબરૂ મુલાકાત લઈ નવ વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

# મળેલી શુભેચ્છાઓમાંથી જો એક ટકો પણ સાચી પડે તો...

## દિવાળી-નૂતન વર્ષે વ્હોટ્સએપ પર મેસેજીસની વણથંભી આતશબાજીએ મોબાઈલધારકો બીઝી રહ્યાં

ગાંધીનગર, તા.૪

'એવું જરૂરી નથી કે ફટકડાં ફોડીને જ દિવાળી ઉજવાય, કોઈના દિલને દિવાસળી ના અડાડો તો રોજ દિવાળી જ છે સાહેબ.' વ્હોટ્સએપ પર દિવાળીના તહેવારે આવા હૃદયસ્પર્શી અને માર્મિક સંદેશાઓ સાથે સાથે રમૂજી ચબરાકિયાંઓની જાણે વણથંભી સે'ર ફુટી રહી હતી.

સોશ્યલ મિડીયા પર શુભેચ્છાઓની આતશબાજી એટલી બધી હતી કે નેટીજન્સને દિવસમાં ચાર થી પાંચ વાર તો બેટરી ચાર્જ કરવી પડતી હતી. એટલું જ નહી પરંતુ દિવાળીના તહેવારોમાં પુજાના મુહુર્ત સમયે પણ નગરજનો મોબાઈલ પર મેસેજીસ વાંચવામાં વ્યસ્ત જોવા મળતા હતા. દિવાળી સાથે જ નૂતનવર્ષના સંદેશાઓ પણ ધાટી ફુટ વરસ્યાં હતા. એક મેકથી ચઢિયાતા ચબરાકિયાં તારામંડળના તારલાંની જેમ ફુટતા હતા જેને જોયા વગર સૌ કોઈથી રહેવાતું નહોતું. આવો કેટલાક ચબરાકિયાં માણીએ...

● ગૃપના બધા સભ્યોને જણાવવાનું કે દિવાળીનો ફાઈનલ હિસાબ તૈયાર કરી સરવૈયું કાઢતા આપણા ગૃપે સારો એવો સંબંધનો નફો કર્યો છે, આવતા વર્ષે આમાં વધારો થાય તેવી શુભેચ્છા સાથે હેપ્પી દિવાલી.

● દિપાવલીની એટલી બધી શુભેચ્છાઓ મળી છે કે જો તેનો એક




ટકો પણ સાચી પડી જાય તો આવતા વર્ષે મુકેશ અંબાણીને લૉન આપવાનો વિચાર છે.

● હવે કોઈ દિવાળીની શુભેચ્છાઓ ના મોકલશો, મોબાઈલ કયારનોય સળગુ સળગુ થઈ રહ્યો છે.

● ભગવાન આપને દિવાળીના પર્વે વ્હોટ્સએપ પર મળનારી અગણિત શુભેચ્છાઓને ડિલીટ કરવાની શકિત આપે તેવી પ્રાર્થના.

● તમારી આંખો હરકેને હોઠ મલકે,

નવું વરસ બસ આમ જ છલકે.

● જેમ દિકરીની વિદાય પછી ઘર શાંત થઈ જાય, તેમ દિવાળી પછી ગૃપ શાંત થઈ ગયાં છે.

● વ્હોટ્સએપ અને ફેસબુકે આ હાલત કરી છે કે દિવાળીના તહેવારમાં હવે ઘરે રૂબરૂ મળવા આવનારાઓ કરતા મેસેજની સંખ્યા ખૂબ વધારે જોવા મળી રહી છે.

● મિઠાઈઓ દવાની જેમ જ ખાજો..

નહીં તો પછી દવાઓ મિઠાઈની જેમ ખાવી પડશે. આ તો યાદ આવ્યું એટલે કીધું, બાકી ધબધબાવો તમે...મારે શું?




● પેશન્ટ : સાહેબ કબજિયાતની ગોળી આપો.

ડૉકટર : કાં? શું કામ?

પેશન્ટ : સાહેબ આજે દિવાળીમાં એટલું મોંઘું મોંઘું ખાધું છે કે જાવાનું મન નથી થાતું.

ડૉકટર : લાવ ટાંકા લઈ દઉં...!!

● જુનુ વર્ષ ભલે ગમે તેવું ગયું હોય પરંતુ આવનારું નવું વર્ષ તમને ગમે તેવું જાય તેવી શુભેચ્છા.

● શરમને લીધે કહી ન્હોતો શકયો કે તમે ગઈ સાલ દિવાળીએ આપેલી શુભેચ્છાઓથી મારું કંઈ ભલું થયું નથી માટે આ વખતે.... રોકડા મોકલજો રોકડા...

● તહેવારો પછી વ્હોટ્સએપના સંદેશાઓ સાફ કરવા શુભ મુહુર્ત વિક્રમ સંવત ૨૦૭૩ના કારતક સુદ બીજ મંગળવારે બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી...

● જોઈએ છે... વ્હોટ્સએપના મેસેજ ડિલીટ કરવા ઉત્સાહથી કામ કરી શકે તેવા ઉમેદવારની તાત્કાલિક જરૂરિયાત છે.. આકર્ષક પગાર... અલાયદી બેઠક વ્યવસ્થા સાથે મિઠાઈનું બોનસ.

● દિવાળી તથા નૂતનવર્ષે મળેલા સંદેશાઓ ડિલીટ કરવા આવતીકાલે વ્હોટ્સએપ પર જાહેર રજા રાખવામાં આવી છે તેની તમામ મિત્રોએ નોંધ લેવી.

## બી.કોમ. સેમેસ્ટર-૧ની પરીક્ષાના ફોર્મ ભરાશે

ગાંધીનગર, તા.૪

આચાર્યશ્રી સરકારી વાણિજય કોલેજ, સે-૧૫-ગાંધીનગરની યાદી જણાવે છે કે સને ૨૦૧૬ બી.કોમ. સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓના ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા ફોર્મ તા. ૫-૧૧-૨૦૧૬થી તા. ૯-૧૧-૨૦૧૬ દરમિયાન સવારના ૯.૦૦થી ૧૨.૦૦ કલાક સુધી આપવામાં તેમજ સ્વિકારવામાં આવશે.

## ચારણ-ગઢવી સમાજનું ૧૪મીએ સ્નેહસંમેલન

ગાંધીનગર, તા.૪

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વરા વર્ષ ૨૦૭૩ના નવા વર્ષનું સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ તા. ૧૪મી નવેમ્બરના સાંજે સાડા ચાર વાગે ડૉ. આંબેડકર હોલ સે-૧૨ ખાતે રાખવામાં આવેલ છે. તેજસ્વી તારલાઓની માહિતી/વિદ્યાર્થીઓની માર્કશીટની નકલ તા. ૧૦મી નવેમ્બર સુધીમાં શ્રી મહેશદાન આર. ગઢવી, શ્રી ભરતભાઈ મહેડુ અથવા શ્રી અજીતદાન ગઢવીને પહોંચાડવા જણાવેલ છે.

## અવસાન નોંધ

કિર્તીભાઈ પુનમચંદ શાહના ધર્મપત્ની અને જતિન-પ્રશાંત તથા ફાલ્ગુનીના માતૃશ્રી જયોત્સનાબેનનું દુઃખદ અવસાન તા. ૩જી નવેમ્બર ૨૦૧૬ના રોજ થવા પામ્યું છે. સદગતના આત્મા શ્રેયાર્થે પુજાનું આયોજન તા. ૬ઠ્ઠી નવેમ્બર ૨૦૧૬ રવિવારના રોજ સે-૩-ડીમાં જૈન દેરાસર ખાતે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. નટવરલાલ કચરાલાલ મોદી, ઉ.વ. ૭૫
- સ્વ. ધીરજલાલ મનજીભાઈ નિરોલીયા, ઉ.વ. ૭૪
- સ્વ. કમળાબેન આતાજી ઠાકોર, ઉ.વ. ૭૮
- સ્વ. પાનાચંદ કેશવલાલ સુથાર, ઉ.વ. ૮૦
- સ્વ. નેનીબેન મુળજીજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. સતીષકુમાર ખોડીદાસભાઈ પરમાર, ઉ.વ. ૨૬
- સ્વ. દેવીપ્રસાદ કનૈયાલાલ માકડ, ઉ.વ. ૮૮
- સ્વ. લીલાબેન મંગાભાઈ સેનવા, ઉ.વ. ૭૫